અપીલ અરજી નં.૪૩૮ તા.૧૦–૩–૧૦

અરજદારઃ– શ્રી નિખિલ એ. જોષી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિખિલ એ. જોષીની તા.૧–૨–૧૦ ની અરજીથી (૧) નિલકમલ સોસાયટી , ગાળા નં.૩૪ અને તેને સંલગ્ન બે ગાળામાં જે બાંધકામનું કાર્ય આજથી બે–ત્રણ માસ અગાઉથી શરૂ કરવામાં આવ્યુ છે તો તેની કોઈ બાંધકામની પરવાનગી આપના તરફથી આપવામાં આવેલ છે કે કેમ?(૨) ઉપરોકત દર્શાવેલ સ્થળ ઉપર બે માસથી વધુ સમયથી બાંધકામ ચાલતુ હોવા છતાં તે વિસ્તાના ડેપ્યુટીએ તે ઈસમ વિરૂધ્ધ શું કાર્યવાહી કરી? તેની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૮/૨૦૦૯–૧૦

શ્રી નિખિલ એ. જોષીની તા.૧–૨–૧૦ ની અરજીથી (૧)નિલકમલ સોસાયટી , ગાળા નં.૩૪ અને તેને સંલગ્ન બે ગાળામાં જે બાંધકામનું કાર્ય આજથી બે–ત્રણ માસ અગાઉથી શરૂ કરવામાં આવ્યુ છે તો તેની કોઈ બાંધકામની પરવાનગી આપના તરફથી આપવામાં આવેલ છે કે કેમ?(૨) ઉપરોકત દર્શાવેલ સ્થળ ઉપર બે માસથી વધુ સમયથી બાંધકામ ચાલતુ હોવા છતાં તે વિસ્તારના ડેપ્યુટીએ તે ઈસમ વિરૂધ્ધ શું કાર્યવાહી કરી? તેની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૧૪૭૮ તા.૨૨–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા મળેલ પ્રત્યુત્તર નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૦–૩–૧૦ ના રોજ સદર વિગત રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આનં.૨૩ તા.૭–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સીકયુરીટી ફી તથા રોડ અવરોધ ડીપોઝીટની ફી ની વિગતની નકલ, ફોર્મ –સી ની વિગત, સર્વે નં.૨૩૧ ના લે આઉટ પ્લાનની તથા રેસીડન્ટ બિલડીંગ એક્ષ. પ્લાનની નકલ, ટીડીઓ નં.૧૭૯૯ તા.૧૧–૨–૧૦ થી વાંધાઓ પૂર્તતા કરવા પાઠવેલ પત્રની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૭૮ તા.૧૧–૩–૧૦ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આંન.૭૪૫ તા.૨–૩–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ, તા.૧૬–૧–૧૦ પશ્ચિમઝોન/ ટીડી નં.૩૬ ના મનાઈ હુકમની નકલ, પશ્ચિમઝોન/ટીડીઓ ૩૭ તા.૧૬–૧–૧૦ ના રોજ કલમ–૨૬૦(૧) (અ) મુજબની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં.૭૪૫ તા.૨–૩–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૧૦–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં. (૧)નિલકમલ સોસાયટી , ગાળા નં.૩૪ અને તેને સંલગ્ન બે ગાળામાં જે બાંધકામનું કાર્ય આજથી બે–ત્રણ માસ અગાઉથી શરૂ કરવામાં આવ્યુ છે તો તેની કોઈ બાંધકામની પરવાનગી આપના તરફથી આપવામાં આવેલ છે કે કેમ? તેવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧ ૩(અડાજણ) ફા.પ્લોટ નં.૧૨૧ માં આવેલ નીલકમલ સોસા.ના ગાળા નં.૩૪,૩૫ અને ૩૬ માળ વધારાના પ્લાન અરજદાર તરફથી ડીપીએ નં.૨૦૫ તા.૨૦–૧–૧૦ થી સદર કચેરીથએ રજૂ કરેલ છે માળ વધારાના બાંધકામ પ્લાનની પરવાનગી મંજુર કરવામાં આવેલ નથી. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે વધારાના બાંધકામ પ્લાન અંગે અરજદારે તા.૨૦–૧–૧૦ ના રોજ ડીપીએ નં.૨૦૫ થી રજૂ કરેલ છે જયારે અરજદારે પ્રથમ લેખિત ફરીયાદ તા.૨૯–૧૨–૦૯ ના રોજ કરેલ હોવાનું જણાય છે તેમજ માળ વધારાના બાંધકામની પ્લાનની પરવાનગી મંજુર થયેલ નથી તેમ છતાં પણ બાંધકામ તો ચાલુ જ રહયું હતું તે વાંધાજનક પરિસ્થિતિ દેખાય છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીસની માહિતી આપેલ છે તેમજ પ્લાન પાસની કાર્યવાહી ચકાસણી હેઠળ છે તેવું જણાવેલ છે. (૨) ઉપરોકત દર્શાવેલ સ્થળ ઉપર બે માસથી વધુ સમયથી બાંધકામ ચાલતુ હોવા છતાં તે વિસ્તારના ડેપ્યુટીએ તે ઈસમ વિરૂધ્ધ શું કાર્યવાહી કરી? તેની માહિતી. તેવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સ્થળે કરવામાં આવેલ બાંધકામ અન્વયે સદર કચેરીએથી ટીડીઓ/ નં.૩૬ તા.૧૬–૧–૧૦ થી મનાઈ હુકમ ટીડીઓ નં.૩૭ તા.૧૬–૧–૧૦ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે માળ વધારાના બાંધકામના પ્લાન સબબ કચેરીએ તા.૨૦–૧–૧૦ ના રોજ કરેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે ટીડીઓ નં.૩૬ અને ૩૭ તા.૧૬–૧–૧૦ થી અનુક્રમે મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસો આપેલ છે તે પૂર્ણતાના આરે પ્લાન પરવાનગી મંજુર ન થઈ હોવા છતાં પહોંચ્યુ છે જે ખરેખર વાંધાજનક પરિસ્થિતિ દર્શાવે છે. જેમાં અરજદારને કાર્યવાહી સામે વાંધો રજૂ કરેલ છે. મુદ્દા નં.૩ ડેપ્યુટી રસીકભાઈ ટેલરના વિસ્તારમાં તેમના કાર્યકાળ દરમ્યાન આવો વહીવટી કારભાર કયાં કયાં થયો છે તે અંગે ખાતા તરફથી શું પગલા લેવામાં આવશે ? તેવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે તેવી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે અરજદારે પ્લાન પરવાનગી વગરના બાંધકામોની રસીકભાઈ ટેલરના કાર્ય કાળ દરમ્યાન રેકર્ડ ઉપર નથી તો થયેલા બાંધકામોની માહિતી આપશો તેમાંથી જે રેકર્ડ ઉપર લેવાયેલ નથી તે માહિતી અમોને તેમાંથી ઉપલબ્ધ થશે. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૪ ગાળા નં.૩૪ માં બાંધકામ બાબતે બે લેખિત ફરીયાદો કરવા બાબત ખાતા તરફથી શું પગલા લેવાયા? જો પગલા લેવામાં આવ્યા હોય તો બાંધકામ પૂર્ણતાના આરે કેવી રીતે? કોની રહેમ નજર હેઠળ , કોની ભલામણી પહોંચી શકયું. ? તેવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નીલકમલ સોસા.માં માળ વધારાના કરેલ બાંધકામ અન્વયે સદર કચેરીએથી ટીડીઓ /૩૬ તા.૧૬–૧–૧૦ થી મનાઈ હુકમ તેમજ ટીડીઓ નં.૩૭ તા.૧૬–૧–૧૦ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારને સબબ કચેરીએ માળ વધારાના પ્લાન રજૂ કરેલ છે રાઈટ ટુ ઈન્ફર્મેશ એકટ હેઠળ અભિપ્રાય આપવાના રહેતા નથી. ફકત ઉપલબધ રેકર્ડની માહિતી આપવાની તેવી

માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે અમોએ અભિપ્રાય નથી માંગ્યો બાંધકામ ખરેખર વગર પ્લાન પરવાનગીએ વારંવાર લેખિત તેમજ મૌખિક ફરીયાદ હોવા છતાં થયું છે કે જે સ્થળ ઉપર દેખાય છે. ફકત નોટીસ કે મનાઈ હુકમના પગલા લેવાયાનો સંતોષ માનવા પુરતો છે ખરેખર પગલા લેવાય તો શું પગલા લેવાય તેની માહિતી માંગેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.વધુમાં જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ / ૭૭૮ તા.૧૧–૩–૧૦ થી અરજદારને આપેલી માહિતીમાં મિલ્કતદારે માળ વધારના પ્લાનની મંજુરી અર્થે રજૂ કરેલ છે જે ચકાસણીની કાર્યવાહી ચાલુ છે તે અંગે મિલ્કતદારને વાંધા પૂર્તતા મંગવામાં આવેલ છે. બાંધકામ મંજુર કરતી વેળાએ મંજુરી પૂર્વે કરેલ બાંધકામ અન્વયે નિયમ મુજબ પ્રમીયમ લેવામાં આવે છે. તેમજ મંજુરી માટે મુકેલ બાંધકામ પ્લાન જોવા અંગે તા.૧૬–૩–૧૦ ના રોજ ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન જોવા મળી શકશે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. મુદ્દા નં.૫ આપના ઝોનમાં આ જ રીતે મંજુર પ્લાન કરાવ્યા વગર ડેપ્યુટી રસીકભાઈ ટેલરએ કેટલા બાંધકામો આજ દિન સુધી પૂર્ણ કરાવ્યા અને એમ કરવા પાછળ નો એમનો હેતુ તથા હિત શું? તેની પણ માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફેર્મશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે મજકુર કર્મચારીના કાર્ય કાળ માં થયેલ ગેરકાયદેસર બાંધકમોની માહિતી માંગી છે જે ખરેખર રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. કે જેના કારણે આરટીઆઈ એકટની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે જ આપવાની એમ જવાબ આપેલ છે. જેમાં મુદ્દા નં.૩ ના પ્રશ્નની રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૬ આપના તાબાના વિસ્તારમાં આ બાંધકામ માટે અમે લેખિત તથા મૌખિક ટેલીફોનીક ફરીયાદો કરવામાં આવી હોવા છતાં આ બાંધકામ કરાવવા માટે કોની ભલામણથી રહેમ નજર રાખવામાં આવી રહી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફેર્મશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે જેમાં અરજદારે માહિતી પણ ફરીયાદો લેખિત, મૌખિક તેમજ ટેલીફોનીક કરી હોવા છતાં બાંધકામ પૂર્ણતાને આરે આવ્યું ત્યાં સુધી આ ફરીયાદો રેકર્ડ ઉપર લેવામાં આવી નથી કે જેનો પણ જવાબ રેકર્ડ ઉપરથી જ માહિતી આપવાની થાય છે એમ આપ્યો છે. મુદ્દા નં.૭ આ બાંધકામ ગેરકાયદેસર થયું હોય તો તેને તોડી પાડવા માટે હવે કેટલો સમય થશે? અને તે તોડાવવા માટે હમોએ આ પત્ર પછી પણ કોઈ ફરીયાદ કરવાની રહે છે કે કેમ? તે પણ જણાવશો. જો કોઈ સક્ષમ અધિકારીને ફરીયાદ કરવાની હોય તો તેનું એડ્રેસ મોબાઈલ નંબર, ટેલીફોન નંબર, ઈ–મેઈલ એડ્રેસ પણ હમોને આપવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાન કરાવ્યા વગર બાંધકામ કરેલું હોય તો કચેરીએથી કાયદેસરની તા.૧૬–૧–૧૦ થી નોટીસો આપવામાં આવેલ હતી અને તેના અનુસંધાને અરજદારે સદર કચેરીએથી પ્લાન રજૂ કરેલ છે. જેની ચકાસણી કાર્યવાહી હાલમાં ચાલુ છે. તેમજ તા.૧૧–૨–૧૦ થી અરજદાર/ એન્જી. શ્રીની વાંધાની પૂર્તતા કરવા જાણ પણ કરવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન (રાંદેર) ને ફરીયાદ કરી શકાય છે. પશ્ચિમઝોન કચેરી ઓફિસ ટેલીફોન ૨૭૮૬૧૮૧,૮૨,૮૩ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે ફરીયાદની તારીખથી કારણદર્શક નોટીસ તથા મનાઈ હુકમની તારીખ વચ્ચેના સમયગાળા દરમ્યાન પણ કામ કઈ રીતે ચાલુ રહી શકયું અને બાંધકામ પ્લાન આરટીઆઈનો અરજીનો જવાબ આપ્યો ત્યાં સુધી મંજુર થયેલ નથી તથા તેમાં રહેલા વાંધાની પૂર્તતાની જાણ તા.૧૧–૨–૧૦ ના રોજ કરેલ હોવા છતાં પણ અમોએ કરેલ ફરીયાદ તથા નોટીસ અને મનાઈ હુકમના સમયગાળા દરમ્યાન પણ બાંધકામ કઈ રીતે ચાલુ રહી શકે? કે જે પૂર્ણતાના આરે હોવાનું સ્થળ ઉપર છે જે ખરેખર વાંધાજનક પરિસ્થિતિના અણસાર આવે છે.જેમાં અરજદારે ફરીયાદ બાબતે રજૂઆત કરેલ છે. તથા પૂરક વિગતોમાં અરજદારે તકરાર નિવારણ અંગે સક્ષમ સત્તાનો નામ અને સરનામું મોબાઈલ નંબરની માંગણી કરેલ છે. જે સદર પ્રશ્ન બાબતે અરજદારને મુદ્દા નં.૭ માં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૧–૩–૧૦ ના પત્રથી અરજદારને પ્લાન દફતર તપાસણીની તક પણ પૂરી પાડેલ છે. પરંતુ અરજદારે તે મેળવેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અરજીના મુદ્દા નં.૩,૪ અને ૫માં અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિ કરેલ પૂરક પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૭ ફરીયાદ બાબતેની રજૂઆત બાબતે તકરાર નિવારણ અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિખિલ એ. જોષી